# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27.05.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*********************************************************

1) રાષ્ટ્રપતિ મુર્મુ નાથૂલા પાસની મુલાકાત લઇને તૈનાત સૈનિકો સાથે વાતચિત કરશે

**2)** સુપ્રીમ કોર્ટ આજે મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) ની કાયદેસરતાને પડકારતી અરજીઓના ચુકાદો સંભળાવશે.

**3)** CBSE જણાવાયું કે ઉત્તરવહીઓના મૂલ્યાંકનની ઓન સ્ક્રીન માર્કિંગ સિસ્ટમમાં કોઈ સુરક્ષા ભંગ થયો નથી.

**4)** ભારતે નેપાળને દેશની સુરક્ષા અને કાયદાને મજબૂત બનાવવા માટે 10 કેદી કેરિયર ટ્રક ભેટમાં આપ્યા

**5)** માલદાના મોથાબારી કેસમાં અદાલતે વધુ 15 વ્યક્તિઓને NIAની કસ્ટડીમાં મોકલ્યા.

**6)** ઈરાને દક્ષિણ ઈરાનમાં અમેરિકાના હવાઈ હુમલાઓની ટિકા કરી

.................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PRESIDENT SIKKIM

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સિક્કિમના નાથુલા પાસની મુલાકાત લેશે. રાષ્ટ્રપતિ નાથુલા ખાતે તૈનાત સૈનિકો સાથે વાતચીત કરશે, જ્યાં વરિષ્ઠ સૈન્ય અધિકારીઓ તેમને આ વિસ્તારમાં વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતી આપશે. તેઓ બાબા હરભજન મંદિરની પણ મુલાકાત લેશે.

દિવસના અંતમાં, રાષ્ટ્રપતિ મુર્મુ ગંગટોકના માનન કેન્દ્ર ખાતે સિક્કિમ યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે. દીક્ષાંત સમારોહ દરમિયાન 33 વિભાગોમાં લગભગ 14 હજાર ડિગ્રીઓ એનાયત કરવામાં આવશે. કુલ 285 પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ, જેમાં 199 મહિલાઓનો સમાવેશ થાય છે, તેમને સુવર્ણ અને રજત પદક પણ પ્રાપ્ત થશે.

ગઈકાલે, રાષ્ટ્રપતિએ ઓર્કિડેરિયમ અને નામગ્યાલ તિબેટોલોજી સંસ્થાની મુલાકાત લીધી. રાજ્યપાલ ઓમ પ્રકાશ માથુર, મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગ અને અન્ય મહાનુભાવોએ ઓર્કિડેરિયમમાં રાષ્ટ્રપતિનું સ્વાગત કર્યું.

. . . . . . . . . . . . . . . .

પૂલ હર્ષલ પંડ્યા ધ્વનિત

# SIR

સુપ્રીમ કોર્ટ આજે મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) ની કાયદેસરતાને પડકારતી અરજીઓના ચુકાદો સંભળાવશે.

ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બેન્ચ આ વર્ષની શરૂઆતમાં વ્યાપક સુનાવણી બાદ આ મામલે ચુકાદો અનામત રાખ્યા બાદ આજે પોતાનો ચુકાદો સંભળાવશે.

આ અરજીઓ ચૂંટણી સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવેલા SIR કવાયતની કાયદેસરતાને પડકારે છે, જેમાં દલીલ કરવામાં આવી છે કે સુધારો પ્રક્રિયા બંધારણની કલમ 326, જનપ્રતિનિધિત્વ અધિનિયમ, 1950 અને તેના હેઠળ રચાયેલા નિયમો હેઠળ ECI ને આપવામાં આવેલી સત્તાઓ કરતાં વધુ છે.

વિવાદ મુખ્યત્વે ECI ની જરૂરિયાતની આસપાસ કેન્દ્રિત છે કે જે મતદારોના નામ 2002 ની મતદાર યાદીઓ અથવા 2003 ની મતદાર યાદીઓમાંથી ગેરહાજર હતા તેમણે ચોક્કસ રાજ્યોમાં તે વ્યક્તિ પોતાના વંશજો હોય તે સાબિત કરવી પડશે જેનું નામ તે મતદાર યાદીઓમાં દેખાયું હતું.

અરજદાર પક્ષે સર્વોચ્ચ અદાલત સમક્ષ દલીલ કરી હતી કે આ શરત વાસ્તવિક મતદારો, ખાસ કરીને હાંસિયામાં ધકેલાઈ ગયેલા અને સ્થળાંતરિત વસ્તી, જેમની પાસે અગાઉના ચૂંટણી રેકોર્ડ સાથે તેમના વંશજોના દસ્તાવેજી પુરાવા ન હોય, તેમને મતાધિકારથી વંચિત કરી શકે છે.

કાર્યવાહી દરમિયાન, સુપ્રીમ કોર્ટે વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો (UTs)માં SIR કવાયતથી પ્રભાવિત મતદારોમાં પારદર્શિતાને પ્રોત્સાહન આપવા અને મુશ્કેલીઓ ઘટાડવા માટે રચાયેલ વચગાળાના નિર્દેશો જારી કર્યા.

ચૂંટણી સંસ્થાએ શરૂઆતમાં ચકાસણી હેતુઓ માટે 11 દસ્તાવેજો ઓળખ્યા હતા. જોકે, બાદમાં સર્વોચ્ચ અદાલતે SIR પ્રક્રિયા માટે વધારાના દસ્તાવેજ તરીકે આધારનો સમાવેશ કરવાનો નિર્દેશ આપ્યો.

ગયા વર્ષે જૂનમાં ECI દ્વારા બિહારમાં SIR હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યા બાદ મોટાભાગની અરજીઓ દાખલ કરવામાં આવી હતી. ત્યારબાદ આ કવાયત પશ્ચિમ બંગાળ, કેરળ અને તમિલનાડુ સહિત અનેક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લંબાવવામાં આવી હતી.

ચૂંટણી સંસ્થાએ સર્વોચ્ચ અદાલત સમક્ષ આ કવાયતનો બચાવ કર્યો, અને દલીલ કરી કે આ સુધારો મતદાર યાદીઓની યોગ્યતા સુનિશ્ચિત કરવા અને અયોગ્ય મતદારોના શોધવા એણ તેમણે હટાવવાનો છે

પક્ષકારોને સાંભળ્યા પછી, CJI સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે 29 જાન્યુઆરીએ પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો.

. . . . . . . . . . . . . . .

પૂલ- સિમ્પલ ઠક્કર– ધ્વનિત

# CBSC

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) એ સ્પષ્ટતા કરી છે કે ઉત્તરવહીઓના મૂલ્યાંકન માટે ઉપયોગમાં લેવાતી તેની વાસ્તવિક ઓન સ્ક્રીન માર્કિંગ સિસ્ટમમાં કોઈ સુરક્ષા ભંગ થયો નથી.

બોર્ડે જણાવ્યું હતું કે URL <http://cbse.onmarks.co.in> એ ફક્ત આંતરિક પરીક્ષણ અને સમીક્ષા હેતુઓ માટે નમૂના ડેટા સાથે પરીક્ષણ કરે છે.

CBSE એ ભારપૂર્વક જણાવ્યું હતું કે વાસ્તવિક મૂલ્યાંકન કાર્ય માટે ઉપયોગમાં લેવાતા પોર્ટલ પર કોઈ સુરક્ષા ભંગ પ્રકાશમાં આવ્યો નથી. બોર્ડે જણાવ્યું હતું કે મજબૂત ફરિયાદ નિવારણ પદ્ધતિઓ સાથે મૂલ્યાંકનમાં પારદર્શિતા વધારવા માટે ઓન સ્ક્રીન માર્કિંગ સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. બોર્ડે સંબંધિતોને ખાતરી પણ આપી હતી કે મૂલ્યાંકન પ્લેટફોર્મની અખંડિતતા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મજબૂત સુરક્ષા પગલાં લેવામાં આવ્યા છે.

# INDIA - NEPAL

ભારતે આજે નેપાળને દેશની સુરક્ષા અને કાયદા અમલીકરણ એજન્સીઓની ક્ષમતાઓને મજબૂત બનાવવા માટે 10 કેદી કેરિયર ટ્રક ભેટમાં આપ્યા છે.

કાઠમંડુમાં ભારતીય દૂતાવાસે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, બીરગંજમાં ભારતના કોન્સ્યુલ જનરલ દેવી સહાય મીણા દ્વારા બીરગંજમાં આયોજિત એક કાર્યક્રમમાં પારસાના મુખ્ય જિલ્લા અધિકારી ભોલા દહલને આ ટ્રકો સોંપવામાં આવી હતી. આ વાહનો નેપાળના સુરક્ષા દળો અને કાયદા અમલીકરણ એજન્સીઓની કાર્યકારી ક્ષમતાઓને વધારવામાં ફાળો આપશે, એમ તેમાં જણાવાયું છે. આ વર્ષની શરૂઆતમાં, ભારતે માર્ચમાં યોજાયેલી સંસદીય ચૂંટણીના સંચાલનમાં મદદ કરવા માટે SUV અને પિકઅપ વાન સહિત 640 વાહનો નેપાળને ભેટમાં આપ્યા હતા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# MALDA

માલદાના મોથાબારી ખાતે ન્યાયિક અધિકારીઓ પર થયેલા હુમલાના સંદર્ભમાં કોલકાતાની એક ખાસ અદાલતે વધુ 15 વ્યક્તિઓને 5 જૂન સુધી રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) ની કસ્ટડીમાં મોકલ્યા છે. સોમવારે મોડી રાત્રે મોથાબારી અને તેની આસપાસના વિસ્તારોમાં કેન્દ્રીય એજન્સી દ્વારા કરવામાં આવેલા શ્રેણીબદ્ધ દરોડા દરમિયાન આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

કોર્ટ કાર્યવાહી દરમિયાન, NIA એ આ બાબત અંગે બે કેસ ડાયરી રજૂ કરી. NIA ના સૂત્રોના જણાવ્યા અનુસાર, ઘટનાના દિવસના CCTV ફૂટેજ અને સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વિવિધ વિડિયો ક્લિપ્સનું વિશ્લેષણ કરીને શંકાસ્પદોની ઓળખ કરવામાં આવી હતી. એજન્સીએ વધુ તપાસ માટે ધરપકડ કરાયેલા વ્યક્તિઓના કબજામાંથી 15 મોબાઇલ ફોન પણ જપ્ત કર્યા છે.

# IRAN –ATTACK

ઈરાને દક્ષિણ ઈરાનમાં અમેરિકાના હવાઈ હુમલાઓની નિંદા કરી છે અને તેને અવિશ્વાસની નિશાની ગણાવી છે કારણ કે પશ્ચિમ એશિયામાં સંઘર્ષનો અંત લાવવા માટે સંભવિત કરાર તરફ વાટાઘાટો ચાલુ છે.

અમેરિકી સૈન્યએ હુમલાઓને રક્ષણાત્મક ગણાવ્યા છે, જેમાં કહ્યું છે કે લક્ષ્યોમાં મિસાઈલ લોન્ચ સાઇટ્સ અને ખાણો મૂકતી બોટનો સમાવેશ થાય છે.

ઈરાનના વિદેશ મંત્રાલયે આ હુમલાઓને યુદ્ધવિરામનું ઉલ્લંઘન ગણાવ્યું છે અને ચેતવણી આપી છે કે વોશિંગ્ટન તમામ પરિણામોની જવાબદારી લેશે. તેણે ઉમેર્યું હતું કે ઈરાન કોઈ પણ આક્રમક કૃત્યને અનુત્તર છોડશે નહીં. દરમિયાન, ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડે આજે કહ્યું કે તેણે તેના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશતા ડ્રોન અને ફાઇટર જેટને તોડી પાડ્યા છે અને અટકાવ્યા છે.

# JK

ચીન અને પાકિસ્તાન વચ્ચેના સંયુક્ત નિવેદનમાં કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરના બિનજરૂરી ઉલ્લેખોને ભારતે સ્પષ્ટપણે નકારી કાઢ્યા છે.

આ બિનજરૂરી સંદર્ભો અંગે મીડિયાના પ્રશ્નોના જવાબમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે,

## (વોઇસ - કાસ્ટ શક્તિ)

ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોર CPEC પ્રોજેક્ટ્સ, જેમાંથી કેટલાક ભારતના સાર્વભૌમ ક્ષેત્રમાં છે, શ્રી જયસ્વાલે કહ્યું કે, આ વાત પાકિસ્તાની અને ચીની અધિકારીઓને ઘણી વખત સ્પષ્ટપણે જણાવવામાં આવી છે.

# PENNY WONG

ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેની વોંગે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ સંરક્ષણ, વેપાર, ટેકનોલોજી અને સપ્લાય ચેઇન સ્થિતિસ્થાપકતા સુનિશ્ચિત કરવા જેવા ક્ષેત્રોમાં વધતી જતી ભારત-ઓસ્ટ્રેલિયા વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી પર ચર્ચા કરી. પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારત અને ઓસ્ટ્રેલિયા મુક્ત, ખુલ્લા, સુરક્ષિત અને સમૃદ્ધ ઇન્ડો-પેસિફિક માટે કામ કરવાનું ચાલુ રાખશે.

પ્રધાનમંત્રીએ જાપાનના વિદેશ મંત્રી તોશિમિત્સુ મોટેગીનું પણ સ્વાગત કર્યું. તેમણે ઇન્ડો-પેસિફિક અને તેનાથી આગળ શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિને આગળ વધારવામાં ભારત-જાપાન વિશેષ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારીની મહત્વપૂર્ણ ભૂમિકાને પુનઃપુષ્ટિ આપી.

# SEBI

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) ના ચેરમેન તુહિન કાંતા પાંડેએ આજે જણાવ્યું હતું કે કોર્પોરેટ બોન્ડ જોખમ-મુક્ત નથી, ભલે બજાર નિયમનકાર ભારતના દેવા બજારને વધુ ગાઢ બનાવવા અને રોકાણકારોની ભાગીદારી સુધારવા માટે મોટા સુધારાઓની યોજના બનાવી રહ્યો છે.

મુંબઈમાં CareEdge ડેટ માર્કેટ સમિટને સંબોધતા, SEBI ના વડાએ કહ્યું કે ભારતનું કોર્પોરેટ બોન્ડ બજાર નાણાકીય વર્ષ 2015 માં 17 લાખ કરોડ રૂપિયાથી વધીને નાણાકીય વર્ષ 2026 માં 59 લાખ કરોડ રૂપિયાથી વધુ થયું છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિદ્ધિ ઊંધાડ

- આજના અખબારોએ ગીરમાં રોગચાળો વકરતા સિંહબાળના મોત,ઘૂષણખોરી પર અમિત શાહે આપેલુ નિવેદન, ભારત અમેરીકા વચ્ચે થયેલ રેર અર્થ સંરક્ષણ માટેથયેલ કરારના સમાચારો હેડલાઈનમા લિધા છે.
- દિવ્ય ભાસ્કરની હેડલાઈન છે દેશમાં ધાર્મિક સ્તર પર વસ્તીનુ સંતુલન કેમ બગડ્યું? હાઈ લેવલ કમિટી તપાસ કરશે... ઈરાને અમેરીકાનું એમક્યુ રીપર ડ્રોન મિસાઈલથી તોડી પાડ્યું
- ગુજરાત સમાચાર લખે છે ભારત અમેરિકા વચ્ચે રેર અર્થ સંરક્ષણ માટે કરાર... બાંગ્લાદેશીઓ બંગાળ છોડી ભાગ્યા સામાન સાથે સરહદે ભારે ભીડ...
- સંદેશ ની હેડલાઈન છે ઘૂસણખોરી સૌથી મોટો પડકાર- અમિત શાહ... કર્ણાટકમાં સિદ્ધારમૈયા રાજીનામુ આપશે, ડી.કે શિવકુમાર સીએમ
- પેટ્રોલ ડીઝલ બાદ હવે સીએનજીમાં ડામ.....ચોમાસાના વહેલા ભારત પ્રવેશના વાદળ વિખેરાયા આ સમાચાર છાપ્યા છે ફૂલછાબે...
- નવગુજરાત સમયની હેડલાઈન છે ગીરમા રોગચાળાથી 5 સિંહબાળ સહિત 8 સાવજના મોતથી હાહાકાર....